# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૩૧/૧૦/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **સરદાર સાહેબની જન્મજયંતિ નિમિત્તે આયોજીત "રન ફોર યુનિટી"માં દોડયા શહેરીજનો**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

રાષ્ટ્રની એકતાનાં પ્રતિક એવા સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની ૧૪૨મી જન્મજયંતિ નિમિત્તે આજરોજ સવારે સુરત રેલ્વે સ્ટેશનની સામે સરદાર પટેલ સાહેબની પ્રતિમાને ફુલહાર કરી રાષ્ટ્રીય અખંડીતતાના શપથ લઈ હજ્જારોની સંખ્યામાં હાજર શહેરીજનોએ "રન ફોર યુનિટી"ના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

"રન ફોર યુનિટી" સ્ટેશન રોડ થી રીંગ રોડ થઈ માનદરવાજા ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે સંપન્ન થઈ હતી.